# બાસણ નદીમાં ન્હાવા પડેલા ત્રણ ડુબ્યા : એકનું મોત

## ફાયરબ્રિગેડ અને ગ્રામજનોએ બે કલાક સુધી નદી ફંફોસી

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરના બાસણ ગામ પાસેથી પસાર થતી સાબરમતી નદી આજે બપોરેના સમયે નદીમાં ન્હાવા પડેલા ૩ યુવાનો પાણીના વહેણમાં ફસાઈ ગયા હતા. જેમાં ગ્રામજનો અને ફાયરબ્રિગેડની મદદથી બે નો આબાદ બચાવ થયો હતો. જ્યારે એકને મોત ભરખી ગયું હતું. આ મામલે પરિવારજનોએ કોઈપણ પ્રકારની ફરિયાદ નોંધાવી નથી.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર જિલ્લાના બાસણ ગામ પાસેથી પસાર થતી સાબરમતી નદીમાં આજે બપોરના સમયે ત્રણ મિત્રો ન્હાવા પડ્યા હતા. આ દરમિયાન નદીમાં પાણીના વહેણનો અચાનક મૂડ બદલાય ગયો હતો. જેથી આ ત્રણેય યુવાનો પાણીમાં ફસાઈ ગયા હતા. આ દૃશ્ય જોઈ ગ્રામજનો અને ફાયરબ્રિગેડની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી અને બચાવ કામગીરી આરંભી ત્રણ પૈકી બે યુવાનોના જીવ બચાવ્યા હતા. જ્યારે એક યુવાન પાણીમાં વધુ ઉંડાઈએ જતા રહેતા તેનું ડુબી જવાથી મોત થયું હતું. યુવાનનું આ કુદરતી મોત થતા પરિવારજનોએ કોઈપણ પ્રકારની ફરિયાદ કરવાનું ટાળ્યું હતું.

# મોડી સાંજે નજીવી બાબતે પ્રેસ સર્કલ પાસે કોમી અથડામણ

## ૧૦ ઘાયલો સારવાર હેઠળ : પોલીસે રાત્રે બંદોબસ્ત ગોઠવવો પડયો

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેરના પ્રેસ સર્કલ પાસે ગઈ કાલે મોડી સાંજે ઉછીના રૂપિયા લેવાની બાબતે બે યુવાનો વચ્ચે થયેલી માથાકુટ બાદ અડધો કલાકમાં છરા અને લાકડીઓ સાથે રિક્ષામાં ૧૫ માણસોનું ટોળું આવી પહોંચ્યું હતું અને બે જુથો વચ્ચે અથડામણ થતા દશ જેટલા યુવાનોને ઈજાઓ થવા પામી હતી. જે પૈકી છને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતાં. બે કોમ વચ્ચે જુથ અથડામણને પગલે તાત્કાલિક પોલીસે બંનેના ઘર પાસે પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો. સે-૨૧ પોલીસે રાયોટીંગ અંગે ક્રોસ ફરિયાદ નોંધી સઘન કાર્યવાહી શરુ કરી છે.

શહેરના સેકટર-૨૧માં રહેતા રાઓલ પ્રવિણસિંહ અમરસિંહ પાસે ગત મોડી સાંજે સે-૨૮ છરેડી છાપરા ખાતે રહેતો સિપાઈ અબ્દુલ ઈબ્રાહીમે હાથ ઉછીના ૧ હજાર રૂપિયા માંગ્યા હતાં. કોઈ કારણોસર પ્રવિણસિંહે રૂપિયા આપવાની ના પાડી દેતા ગાળાગાળી કરીને ફેંટો મારીને અબ્દુલ જતોરહ્યો હતો. અડધા કલાક બાદ પ્રવિણસિંહ પ્રેસ સર્કલથી નીકળ્યો હતો ત્યારે પ્રેસ સર્કલ પાસે અબ્દુલ, સબ્બીર અને પેથાપુરનો ભુરીયો સહિત ૧૫ જેટલા ઈસમો એક રિક્ષામાં હથિયારો સાથે આવી પહોંચ્યા હતાં. ભુરીયાએ લાકડીથી મારવાની શરૂઆત કર્યા બાદ ઘાતક હુમલો કરી ઢોર માર મારવામાં આવ્યો હતો. સામસામે મારામારીમાં ૧૦ જેટલા વ્યકિતઓ ઘાયલ થયા હતાં. જેમાં છને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. આ કેસમાં પ્રવિણસિંહ અને અબ્દુલની બંનેની ક્રોસ ફરિયાદ નોંધી સે-૨૧ પી.આઈ. એસ.ડી. પટેલે તપાસ શરુ કરી છે. બે કોમ વચ્ચે અથડામણ હોવાથી પરિસ્થિતિ તંગ ન બને તે માટે તાત્કાલિક રાતે બંનેના ઘર પાસે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

## સમાજના વંચિત વર્ગમાં ડાયાબીટીસ અંગે જાગૃતિ ફેલાવવા માટે 'કોન્કર ડાયાબીટીસ' કાર્યક્રમનો પ્રારંભ

ગ્રામ્ય, આદિવાસી અને ઝૂંપડ પટ્ટીમાં રહેતા લોકોમાં ડાયાબીટીસનું નિદાન તેમજ સારવાર કરી ડાયાબીટીસ અંગે જાગૃતિ ફેલાવવાનો એક અનોખો કાર્યક્રમ પ્રોજેકટ 'કોન્કર ડાયાબીટીસ'નો ઔપચારિક પ્રારંઊ રવિવારના રોજ કરવામાં આવશે. દેશમાં સૌ પ્રથમવાર આ પ્રકારના અનોખા કાર્યક્રમમાં, સમાજના વંચિત વર્ગમાં રહેતા લોકોને ડાયાબીટીસ અંગે જાણકારી મળશે તથા તેઓને સારવાર અને કાળજી અંગે સલાહ સૂચન આપવામાં આવશે. આ પ્રોજેકટ 'સ્વાસ્થય ડાયાબીટીસ કેર', ઑલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યુટ ઓફ ડાયાબીટીસ એન્ડ રિસર્ચ (એઆઈઆઈડીઆર)- અમદાવાદ, ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ પબ્લિક હેલ્થ (આઈઆઈપીએચજી), ગાંધીનગર અને બીએમએસ ફાઉન્ડેશનના સંયુકત ઉપક્રમે કરવામાં આવ્યું છે.

## કલોલમાં ૨૧ હજાર ભુદેવોની ભવ્ય બ્રહ્મચોર્યાસી યોજાઈ

કલોલ, તા. ૧૬

કલોલ શહેરમાં આજે ૨૧ હજાર ભૂદેવોની બ્રહ્મચોર્યાસીનું ભવ્યાતિભવ્ય સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. બ્રહ્મચોર્યાસીમાં મોટી સંખ્યામાં બ્રહ્મસમાજના અગ્રણીઓ, સંતો-મહંતો અને ગાંધીનગર જિલ્લામાંથી ભુદેવ પરિવારોએ હાજરી આપી હતી.

કલોલ ખાતે એક પાર્ટી પ્લોટમાં આજે સવારે ૧૦ કલાકે બ્રાહ્મણ સમાજની એકતા માટે ઐતિહાસિક ૨૧ હજાર બ્રાહ્મણોની બ્રહ્મચોર્યાસી યોજવામાં આવી હતી. કાર્યક્રમમાં ધમાસણા વિજય હનુમાન મંદિરના મહંત દંડીબાપુ, કપિલેશ્વર મંદિરના મહંત પૂણાનંદગિરી, બ્રહ્મસેના પ્રમુખ ભાવેશ રાજ્યગુરુ, બ્રહ્મસેના જિલ્લા પ્રમુખ વિપુલ ઠાકર, મયુર પંડ્યા, ગુજરાત સમાચારના કટાર લેખક દોલત ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા. બ્રહ્મરત્ન એવોર્ડથી ઉચ્ચ કારકિર્દી વડનારા બ્રહ્મબંધુઓને નવાજવામાં આવ્યા હતા. તેમજ બીજા બંધુઓને સહયોગ એવોર્ડ આપવામાં આવ્યા હતા.

આ સમગ્ર કાર્યક્રમનું સુંદર મજાનું આયોજન કરનારને પણ બિરદાવવામાં આવ્યા હતા. સમગ્ર વાતાવરણ હરહર મહાદેવના નારાથી ગુંજી ઉઠ્યું હતું.

# દેશના યુવાનોને માર્ગદર્શનની ખૂબ જરૂર છે : સામ પિત્રોડા

## વેબ. ટેકનોલોજી કારીગરો માટે નવી દુનિયા ઊભી કરી શકે છે : વિશ્વકર્માના વંશજો, કારીગર સમાજનું સંમેલન

અમદાવાદ, તા.૧૬

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપક્રમે આજે વિશ્વકર્માના વંશજો અને તમામ કારીગર સમાજનું મહાસંમેલન યુનિના કન્વેશન હોલમાં યોજાઈ ગયું જેમાં વડાપ્રધાનના સલાહકાર ટેકનોક્રેટ સામ પિત્રોડાએ જણાવ્યું હતું કે, ઈન્ટરનેટ અને વેબ. ટેકનોલોજી



કારીગરો માટે નવી દુનિયા ઉભી કરી શકે છે. શિક્ષણમાં જે વિકાસ થયો છે તેનો તે લાભ લઈ શકે છે. કારણ કે નવી દુનિયા બનાવવી હોય તો નવા સાધનો અને નવું જ્ઞાન જરૂરી છે.

સામ પિત્રોડાએ વલ્લભવિદ્યાનગર અને વડોદરામાં લીધેલા શિક્ષણકાળને વાગોળીને અમેરિકાના શિકાગોમાં સ્થાયી થયા બાદ રાજીવ ગાંધીના આગ્રહથી સ્વદેશ પરત ફરી ટેલિકોમ ક્ષેત્રે આપેલા યોગદાનની ગાથા વર્ણવી હતી. તેમણે કહ્યું હતું કે, રાજીવ ગાંધી સાથે મારા એ દિવસો ગૌરવપૂર્ણ રહ્યા. રાજીવ ગાંધીએ કરેલી ટેલિકોમ ક્રાંતિને પરિણામે આજે ભારતમાં ૯૦ કરોડ મોબાઈલ ફોન છે. તત્કાલીન વડાપ્રધાન રાજીવ ગાંધીમાં આ દેશને ૨૧મી સદીમાં લઈ જવાની પ્રબળ રાજકીય ઈચ્છા શક્તિ હતી. રાજીવજીના મૃત્યુ પછી મેં ઘણું ગુમાવ્યું કારણ કે તે સમયે હું કોઈ વેતન કે મહેનતાણું લેતો નહોતો. અને આજે પણ લેતો નથી. તેમણે વધુમાં કહ્યું હતુંકે, ૨૦૦૪માં ભાજપના પ્રચાર પછી મેં ભારત આવવાનું નક્કી કર્યું અને બુદ્ધિજીવીઓ સમક્ષ જઈને કોંગ્રેસનો પ્રચાર કર્યો હતો. દેશના યુવાનોમાં ટેલેન્ટ છે પણ તેને માર્ગદર્શનની જરૂર છે. નવી દિશા તરફ જવા ઈનોવેટીવ ટેકનોલોજી જરૂર છે તે માટે ઘણી તકો અત્યારે ઉપલબ્ધ છે. દેશમાં ૯ થી ૧૦ ટકા વિશ્વકર્માં સમાજની વસતિ છે. દેશનું ઘડતર વિશ્વકર્માં સમાજ બનાવી શકે તેમ છે.

આ પ્રસંગે એઆઈસીસીના મહામંત્રી મધુસુદન મિસ્ત્રી, પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અર્જુન મોઢવાડિયા પ્રદેશ કોંગ્રેસના પ્રભારી મોહન પ્રકાશ, શંકરસિંહ વાઘેલા, નરહરિ અમીન, શહેર પ્રમુખ પંકજ શાહ વગેરેએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા.

### સતત ત્રણ વખત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મોદીજી ૧૯૮૭માં ભાજપમાં જોડાયા હતા. ગુજરાત એકમના તેઓ જનરલ સેક્રેટરી હતા. ભારે સંઘર્ષ બાદ ૧૯૯૫માં પ્રદેશ નેતાઓના સહિયારા પ્રયાસથી ગુજરાતમાં ભાજપને સત્તા અપાવી હતી.

ગુજરાતમાં ૧૯૫૮માં કોંગ્રેસની છેલ્લી સરકાર હતી. તે પછી ચીમનભાઈ પટેલે ભાજપના ટેકાથી ૧૯૯૦માં સત્તા મેળવી હતી, પરંતુ ભાજપે ટેકો પાછો ખેંચી લેતાં ચીમનભાઈ કોંગ્રેસમાં જોડાઈ ગયા હતા અને કોંગ્રેસ ૧૯૯૫ના પ્રારંભકાળ સુધી સત્તામાં હતી.

ભાજપે એકલેહાથે સત્તા મેળવી હોય તેવી ઘટના ૧૯૯૫માં બની હતી, ત્યાર પછી ૨૦૧૨ સુધી ગુજરાતમાં ભાજપનું શાસન છે. ગુજરાતમાં છેલ્લા ૧૭ વર્ષથી કોંગ્રેસ સત્તામાં આવી શકી નથી.

ગુજરાતમાં મોદીને વિધાનસભાની ચૂંટણીમાં સફળતા મળી છે પરંતુ લોકસભાની ચૂંટણીમાં તેમને પૂર્ણ સફળતા મળી શકી નથી.

**ભાજપનો સિતારો....**

કેશુભાઈના નેતૃત્વમાં લડાયેલી ૧૯૯૫ની ચૂંટણીમાં ભાજપને પ્રથમ વખત ૧૨૧ અને કોંગ્રેસને ૪૫ બેઠકો મળી હતી. ૧૯૯૮માં પણ ભાજપને ૧૧૭ અને કોંગ્રેસને ૫૩ બેઠકો પ્રાપ્ત થઈ હતી.

મોદીના નેતૃત્વમાં લડાયેલી ૨૦૦૨ની ચૂંટણીમાં ભાજપને ૧૨૭ અને કોંગ્રેસને ૫૧ બેઠકો મળી હતી. જ્યારે ૨૦૦૭ની ચૂંટણીમાં ભાજપને ૧૧૭ અને કોંગ્રેસને ૫૯ બેઠકો મળી હતી. પ્રથમ વખત એનસીપીને ત્રણ બેઠકો ઉપર સફળતા મળી હતી.

**માધવસિંહનો રેકોર્ડ....**

માધવસિંહના નેતૃત્વમાં ૧૯૮૫માં લડાયેલી વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસને ૧૪૯ અને ભાજપને માત્ર ૧૧ બેઠકો પ્રાપ્ત થઈ હતી. ૧૯૯૦માં પરિસ્થિતિ સાવ જુદી હતી. ચીમનભાઈ પટેલના ત્રીજા મોરચાને સફળતા મળી હતી. એ સમયે ભાજપને ૬૭, કોંગ્રેસને ૩૩ અને જનતાદળને ૭૦ બેઠકો પ્રાપ્ત થઈ હતી.

### વિવિધ કાર્યક્રમો ●

**અનુસંધાન છેલ્લાનું ચાલુ**

બીજી તરફ શહેર ભાજપ એકમ દ્વારા ગાંધીનગર શહેરની આંગણવાડી અને પ્રાથમિક શાળાના બાળકોને ફ્રુટ તથા ફણગાવેલા મગનું વિતરણ કરવામાં આવનાર છે. કુપોષણ સામેના જંગના એલાનના ભાગરૂપે શહેરની ૩૪ જેટલી પ્રા. શાળાના બાળકોને ૧૦૦ કિલોથી પણ વધુ મગનું વિતરણ કરવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે. આ ઉપરાંત આંગણવાડીના બાળકો માટે ફ્રુટનું વિતરણ કરાશે.

આ ઉપરાંત સે. ૧૩ની સેવા વસાહત ખાતે ભજન સંધ્યા, કેક કાપવાની તથા મહા આરતીના કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત આ વસાહતમાં લાડુનો પ્રસાદ વિતરણ કરવામાં આવનાર છે.

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી મહાઆરતીના કાર્યક્રમમાં હાજરી આપશે તેવા નિર્દેશો મળતાં સે. ૧૩માં તંત્રની દોડધામ વધી જવા પામી છે. ગાંધીનગર ખાતે મુખ્યમંત્રીશ્રી મોદીના જન્મદિનની દર વર્ષની જેમ આ વર્ષે પણ વિશિષ્ટ ઉજવણી કરવામાં આવનાર છે. શહેરની કેટલીક સ્વૈચ્છીક સંસ્થાઓ દ્વારા પણ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

### ચાંદીની ચોરી ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નીકાળીને ચાંદીના ૬૦૩ ચાંદીની પાટો પૈકી ૫૭ પાટો ચોરી કરીને તેમાં નકલી સીલ લગાવી દેવામાં આવ્યું હતું. માસ્ટર માઈન્ડ ચોરોએ કયાં અને કેવી રીતે ચાંદી ભરેલા કન્ટેનરમાંથી ચોરી કરી તે ઉપરાંત હોંગકોંગથી સિંગાપુર જવાના માર્ગે, સિંગાપુરથી નાવાસુવા માર્ગે કે નાવાસુવાથી ખોરજ ખોડીયાર જતાં ચાલુ ટ્રેને કરામત કરી તે અંગે તપાસ શરુ કરવામાં આવી છે. મુંબઈમાં રહેતા અને વિવિધ વિસ્તારોમાં ચાંદીની ડીલીવરી આપવા માટેની ફરજ બજાવતા બેંકના પ્રતિનિધિ દિનેશભાઈ માધવજી ધુનૈયાની ફરિયાદને આધારે અડાલજ પી.આઈ. એસ.જી. પરમારે આઈ.પી.સી. ૪૧ બંધ કેબીનમાં ચોરી, ૩૭૯ ચોરી, ૪૭૨ ડુપ્લીકેટ સીલ તૈયાર કરવું અને ૧૨૦ બી પુર્વ આયોજીત કાવતરું અંગે ગુનો દાખલ કરી માસ્ટર માઈન્ડ ચોરોની સઘન તપાસ શરુ કરી છે. આ ચોરીમાં બેન્કથી છોડાયેલા કન્ટેનરને ખોરજ આવવા સુધીની પ્રોઝીસરમાં કોનો-કોનો રોલ છે? તે તમામના નિવેદનો લઈને શંકાસ્પદોની તપાસ કરવામાં આવશે. હવે જોવું રહ્યું કે કન્ટેનરમાંથી રૂ.૮.૫૦ કરોડની મસ મોટી રકમના ચાંદીની થયેલી ચોરીનો ભેદ ઉકેલવામાં પોલીસને કયારે સફળતા મળે છે...!!


સૌનો સાથ... સૌનો વિકાસ...

માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં રાજ્ય સરકારના સુશાસનના યશસ્વી ૪૦૦૦ દિવસ

- ૩૬૨ મહિલા સમરસ પંચાયતો સાથે ૧૦,૭૯૩ ગ્રામ પંચાયતો સમરસ અને રૂા. ૧૩,૫૦૦ લાખથી વધુ રકમના પ્રોત્સાહક અનુદાન
- ૧૦૮૩ ગામો તીર્થગામ - પાવન ગામ તરીકે જાહેર અને ૪૭૭૯ પંચવટીઓનું નિર્માણ
- ૧૦૦૦ ગરીબ કલ્યાણ મેળા સંપન્ન, ૮૫ લાખ લાભાર્થીઓને રૂા.૧૩,૦૦૦ કરોડથી વધુ રકમના લાભ/સહાય
- છેલ્લા દસ વર્ષમાં
  - ૧૬ લાખથી વધુ બી.પી.એલ. લાભાર્થીઓને આવાસ યોજનાઓનો લાભ
  - ૦૩ લાખથી વધુ મફત પ્લોટની ફાળવણી
  - ચાલુ વર્ષે ૬.૫૦ લાખ બી.પી.એલ. લાભાર્થીઓને આવાસ યોજના માટે રૂા. ૨,૭૫૦ કરોડની ફાળવણી



પંચાયતી રાજની સ્વર્ણિમ જયંતિ ઉજવણી નિમિત્તે માન.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી તથા લોકસભાના માન. વિપક્ષ નેતા શ્રીમતી સુષ્મા સ્વરાજની ઉપસ્થિતિમાં તા.૧૮/૦૯/૨૦૧૨ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે સરપંચ મહાસંમેલન



કાર્યક્રમનું જીવંત પ્રસારણ : ઈ-ટીવી, ટીવી-૯, વી-ટીવી, બીજ ન્યુઝ અને જીટીપીએલ પરથી બપોરે ૨:૦૦ કલાકથી નિહાળી શકાશે.

પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
ગુજરાત સરકાર

શ્રીમતી સુષ્મા સ્વરાજ
લોકસભાના માન. વિપક્ષ નેતા